## સંક્ષિપ્ત સમાચાર

### ગ્વાલિયર ખાતેના દિવ્યાંગોના રમતોત્સવ માટે જંત્રાલના નવીન પરમારની પસંદગી



**આણંદ |** બોરસદ તાલુકાના ઉત્તર બુનિયાદી શાળા જંત્રાલ માં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થી નવીનચંદ્ર પરમાર ગ્વાલિયર ખાતે આયોજિત દિવ્યાંગોના રમતોત્સવ માટે પસંદગી કરવામાં આવી છે. વિદ્યાર્થી નવીન પરમાર ધોરણ 12મા અભ્યાસ કરે છે. રમતોત્સવ દરમિયાન પસંદગી માટે બીઆરસી ભવન બોરસદ ખાતે ફરજ બજાવતા વસીમભાઇ વહોરાના માર્ગદર્શન હેઠળ NATIONAL BOCCIA GAME માટે દિવ્યાંગ વિદ્યાર્થીની પસંદગી કરવામાં આવી છે. નવીન પરમારની સાથે સાથે વિદ્યાનગરના ઉજ્જવલ સુથારને પણ રમતોત્સવ માટે પસંદ કરાયેલ છે. જે વિદ્યાનગરની આઈટીઆઇ ખાતે અભ્યાસ કરે છે.

### આવાસ યોજનાના લાભાર્થીઓને મકાન સહાયના લાભો-ચાવીઓનું વિતરણ




**આણંદ |** ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક રમણભાઈ સોલંકી અને જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરી તથા તાલુકા પંચાયત પ્રમુખ મિહિરભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોના હસ્તે આવાસ યોજનાના લાભાર્થીઓને મકાન સહાયના લાભો-ચાવીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન, તાલુકા પંચાયતના સભ્યઓ, અને સબંધિત વિભાગના અધિકારી-કર્મચારીઓ સહિત લાભાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### આણંદ ખાતે પંડિત દીનદયાળજીની પુણ્યતિથિ નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરાઇ



**આણંદ |** એકાત્મ માનવવાદ અને અંત્યોદયના પ્રણેતા, કરોડો કાર્યકર્તાઓના પ્રેરણાસ્ત્રોત, ભારતીય જનસંઘના સ્થાપક પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિતે આણંદ નગરપાલિકાના વોર્ડ નંબર 13 ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે સાંસદ મિતેષભાઇ પટેલ, નગરપાલિકાના પ્રમુખ જીજ્ઞેશભાઇ પટેલ, ઉપપ્રમુખ સુમિત્રાબેન પઢિયાર, શહેર સંગઠન પ્રમુખ મયુરભાઇ પટેલ, મહામંત્રી સ્વપ્નિલ પટેલ, અમિતભાઇ ઠાકોર સહિત નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

### વાસદ એસવીઆઇટી કોલેજ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાયો




**આણંદ |** એસવીઆઇટી કોલેજ ગ્રાઉન્ડ વાસદ મુકામે આંકલાવ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ આયોજિત અને એસ.વી.આઈ.ટી કોલેજ વાસદના સહયોગથી ક્રિકેટ ટુર્નામેન્ટના ઉદઘાટન પ્રસંગે કોલેજના ચેરમેન રોનકભાઈ પટેલ, મંત્રી ગૌરાંગ પટેલ ,અને કેમ્પસ ડાયરેક્ટર દિનેશભાઈ પટેલ ,આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પૂર્વ મહામંત્રી નરેન્દ્રસિંહ પરમાર ,શિક્ષક સંઘના પ્રમુખ માધવસિંહ સોલંકી, આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ખજાનચી હસમુખભાઈ પટેલ, મહામંત્રી દિલીપસિંહ રાજ, કાર્યકારી પ્રમુખ નટુભાઈ પઢીયાર, તાલુકા સંઘના ખજાનચી જીતુભાઈ સોલંકી સહિતના મહાનુભાવોએ ટુર્નામેન્ટનો શુભારંભ કરાવ્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### અસહ્ય ગંદકીના કારણે મચ્છરોના ઉપદ્રવથી દર્દીઓને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો

# આંકલાવ CHC પાસે ગંદકીથી પારાવાર પરેશાની

**સામૂહિક આરોગ્ય** કેન્દ્રની બહાર જ સ્વચ્છતા અભિયાનના ધજાગરા દેખાયા




(પ્રતિનિધિ) આંકલાવ, તા.11

આંકલાવ સામૂહિક આરોગ્ય કેન્દ્રની આજુબાજુ અસહ્ય ગંદકીના કારણે નાગરિકોનુ આરોગ્ય જોખમાય તેવી ચિંતાજનક પરિસ્થિતી ઉદભવી છે. આ અંગે આરોગ્ય વિભાગ દ્વારા વહેલામાં વહેલી તકે ગંદકી હટાવવા માટે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

આરોગ્ય કેન્દ્ર આસપાસના વિસ્તારમાં ગંદકીના કારણે સારવાર માટે આવતા દર્દીઓને અને દર્દીને લઈને આવતાં સગાસંબંધીઓ ભયંકર દુર્ગંધના કારણે આરોગ્યની સ્થિતિ વધુ કથળતી જશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે છે.સીએચસીની આજુબાજુ સ્વચ્છતા સહિત આરોગ્ય લગતાં બોર્ડ લગાવવામાં આવ્યાં છે. પરંતુ સીએચસીનો સ્ટાફ તેનો અમલ કરતો નહીં હોવાથી ગંદકી સામ્રાજય છવાયેલું જોવા મળે છે.

જેથી દર્દીઓ અહીં સારવાર લેવા માટે આવે છે પરંતુ ગંદકીના કારણે મચ્છરોના ઉપદ્રવથી દર્દીઓને ભારે હાલાકીનો સામનો કારવાનો વારો આવ્યો છે સરકાર દ્વારા એક બાજુ મોટા પાયે સ્વચ્છતા અંગે મોટા પાયે અભિયાનો ચાલવામાં આવે ત્યારે બીજી બાજુ આંકલાવમાં અવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર પાસે ગંદકીનું સામ્રાજ્ય આમ થઈ ગયું છે મોટા ભાગના વિસ્તારોમાં લોકો ગંદકીથી હેરાન થવા પામ્યા છે તો બીજી બાજુ આંકલાવના સામુહિક આરોગ્ય કેન્દ્રની બહાર જ આ લાલિયાવાડીનો નજારો જોવા જેને લઈને આંકલાવનું રેફરલ એન્ડ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે આવતા દર્દીઓને આ મુસીબતનો સામનો કરવાનો વારો આવ્યો છે .

તેમજ મચ્છરો ઉપદ્વવ વધી ગયો હોવાથી સારવાર દાખલ થયેલા દર્દીઓ તબિયત વધુ લથડવાની સંભાવના છે. તેમ છતાં સીએચસી કે પાલિકા દ્વારા આ બાબતે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. કેટલાંક આગેવાનોએ સીએચસીની ફરતે સફાઇ કરવા માટે વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ જ પગલાં લેવામાં આવતા નથી. જેથી સમગ્ર આંકલાવ તાલુકામાં આરોગ્ય તંત્રની લાપરવાહી સામે ભારે આક્રોશ વ્યાપ્યો છે.

### શહેરમાં સતત વધી રહ્યો છે રખડતા ઢોરોનો ત્રાસ

# સંતરામપુર નગરના હુસેની ચોક વિસ્તારમાં સર્જાયું આખલા યુદ્ધ

**હાઇકોર્ટની ટકોર** બાદ પણ સંતરામપુર નગરપાલિકાના અધિકારીઓ અને તંત્ર ઘોર નિંદ્રામાં



(પ્રતિનિધિ) સંતરામપુર, તા.11

રવિવારે વહેલી સવારે શહેરની હુસેની ચોક વિસ્તારમાં બે આખલાઓ બાખડ્યા હતા. જેમાં આમને સામને બાખડતા દરમિયાન એક ટુવ્હીલરને નુકશાન પહોંચાડ્યું હતું. હાઈવે હોય કે સોસાયટી વિસ્તાર આખલા યુદ્ધ સંતરામપુરની ગલીએ ગલીએ જોવા મળી રહ્યો છે. સંતરામપુર નગરપાલિકા સહિત મહીસાગર જિલ્લા તંત્ર કોઈ મોટી ઘટના બનવાની રાહ જોઈ રહ્યું છે કે કેમ તેવા અનેક સવાલો તંત્ર પર ઉઠવા પામ્યા છે. સંતરામપુર નગરમાં રખડતાં ઢોરોનો ત્રાસ દૂર થાય અને રખડતાં ઢોરને પકડીને ઢોરવાડામાં પૂરાવામાં આવે તેમજ પશુમાલિકો સામે સખ્તાઈથી કાર્યવાહી કરાય તેવી માંગ ઉઠી છે.આગાઉ સંતરામપુર નગરમાં રખડતા ઢોરથી અકસ્માત થઈ ચૂક્યા છે તેમ છતાં પણ નગરપાલિકા સંતરામપુર દ્વારા આ પ્રશ્નને ગુજરાત હાઈકોર્ટનાં આદેશોનું પાલન નહીં કરાતાં નગરપાલિકાનાં આવા વહીવટ પ્રત્યે નગરજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

નગરમાં વકરેલ રખડતાં ઢોરની સમસ્યાના ઝડપી નિકાલ માટેની લોક માગ ઉઠી છે.

### વડોદમાં જુગાર રમતાં સાત શખ્સ રંગેહાથ પકડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.10

આણંદ તાલુકાના વડોદ ગામના સ્મશાન પાસે ખુલ્લી નળીમાં કેટલાક શખ્સ જાહેરમાં જુગાર રમી રહ્યાં છે. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી 9મી ફેબ્રુઆરીના રોજ મોડી સાંજે દરોડો પાડ્યો હતો. આ દરોડના પગલે નાસભાગ મચી ગઈ હતી. જોકે, પોલીસે કોર્ડન કરી સાત શખ્સને પકડી લીધાં હતાં. આ શખ્સોની પુછપરછ કરતાં તે આરીફ પ્રતાપસિંહ મહિડા, મનસુખ મોહન પરમાર, નરેન્દ્રસિંહ દીલીપસિંહ છાસટીયા, કાભય શીવા પઢીયાર, લાલજી ફતેસિંહ રાઠોડ, ઠાકોર ચીમન દરજી અને જીતેન્દ્ર ઉર્ફે ઈલ્યો શના પરમાર હોવાનું જણાવ્યું હતું. પોલીસે તમામ શખ્સો પાસેથી રોકડ સહિત કુલ રૂ.6860નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તારાપુરમાં મકાનમાંથી દાગીના અને રોકડની ચોરી

**તિજોરીના ગુપ્ત** ખાનામાં મુકેલ બે સોનાની ચેઈન તથા રોકડ રૂ.12 હજારની મતા ચોરી ગયા

(પ્રતિનિધિ) આણંદ, તા.11

આણંદ જિલ્લાના તારાપુર ખાતે આવેલ મહાવીર સોસાયટીમાં રાત્રિના સમયે તસ્કરોએ એક મકાનને નિશાની બનાવી મકાનના દરવાજાનો નકુચો તોડી સોના ના દાગીના અને રોકડ રકમ રૂપિયા ૧૨ હજાર મળી કુલે રૂપિયા 73 હજારની મતાની ચોરી કરી નાસી ગયાંનો બનાવ બનવા પામ્યો છે.

આણંદ જિલ્લાના તારાપુર ખાતે આવેલ મહાવીર સોસાયટીમાં રહેતાં અને ફરિયાદી મહેશકુમાર રમણભાઈ ધોબી એ.પી.એમ.સી. ઉમરેઠમાં સેક્રેટરી તરીકે છેલ્લાં ૧૫ વર્ષથી ફરજ બજાવે છે. ગત તારીખ 8મી ફેબ્રુઆરીના રોજ તેઓ સાડા ત્રણ વાગ્યાના સમયે તેમના ફોઈ બારેજા જેતલપુર ખાતે રહેતાં હોવાથી તેમને મુકવા માટે જેતલપુર ગયાં હતાં અને જેતલપુર બસ સ્ટેશન પાસે ઉતારી સીધા ઉમરેઠ ઓફિસે ગયાં હતાં.

તે દરમિયાન તસ્કરોએ તેમના મકાનને નિશાન બનાવીને મકાનના દરવાજાનો નકુચો તોડી મકાનમાં પ્રવેશ કરી તિજોરી ના ગુપ્ત ખાનામાં મુકેલ બે સોનાની ચેઈન જે પૈકી એક સોનાની ચેઈન દોઢ તોલાની કિંમત રૂપિયા 36 હજાર તથા બીજી સોનાની ચેઈન એક તોલાની કિંમત રૂપિયા 25 હજારની તથા રોકડ રૂપિયા 12 હજાર મળી કુલે રૂપિયા 73 હજારની મતાની ચોરી કરીને નાસી ગયાં હતાં.

બાદમાં આ અંગેની જાણ મહેશકુમાર ધોબીને થતાં તેઓએ તારાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ચોરીનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

### ચિખોદરા ચોકડી નજીકથી બાઈક ચોર ઝડપાયો

(પ્રતિનિધિ) આણંદ, તા.11

આણંદની ચિખોદરા ચોકડીથી ગેલોપ્સ હોટલ તરફ જવાના રોડ ઉપરથી ચોરીના બાઈક સાથે એક બાઈક ચોરને આણંદ સર્વેલન્સ સ્કોડેની ટીમે ઝડપી પાડ્યો છે. પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ફરિયાદીએ પોતાનું બાઈક ગત તારીખ 8મી ફેબ્રુઆરીના રોજ સવારના સાડા અગિયાર વાગ્યાના સમયે આણંદ ગોપાલ ચાર રસ્તા પાસે ટાટા પ્લે નામની ઓફિસની સામે આવેલી જગ્યાએથી પાર્ક કર્યું હતું. તે જગ્યાએથી કોઈ અજાણ્યો ઈસમ બાઈકની ચોરી કરીને લઈ ગયો હતો.

આ અંગે આણંદ શહેર પોલીસે ચોરીનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન પેટ્રોલિંગ કરી રહેલી સર્વેલન્સ સ્કોડને માહિતી મળી હતી કે, આ ચોરી કરેલા બાઈક સાથે બાઈક ચોર આણંદ ચિખોદરા ચોકડીથી ગેલોપ્સ હોટલ તરફ આવેલ રોડ ઉપરથી પસાર થનાર છે.

# સરદાર પટેલ યુનિ.માં લોકપાલ પદે પૂર્વ ન્યાયાધીશની નિમણૂંક

(પ્રતિનિધિ) આણંદ, તા.11

ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ 2023 લાગુ કરાયા બાદ સરદાર પટેલ યુનિવર્સિટીમાં લોકપાલ પદે પૂર્વ ન્યાયાધીશની નિમણૂંક કરવામાં આવી છે. આ નિર્ણય યુજીસીના કડક આદેશ કર્યા બાદ યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા લેવાયો છે.

સરદાર પટેલ યુનિવર્સિટીમાં ગુજરાત પબ્લિક કોમન યુનિવર્સિટી એક્ટ 2023 લાગુ કરાયા બાદ વિદ્યાર્થીઓની સમસ્યાઓ, વિવિધ પ્રશ્નો, અંગેના યોગ્ય નિરાકરણ માટે યુજીસી દ્વારા છેલ્લા કેટલાય સમયથી લોકપાલની નિમણૂંક કરવા પરીપત્ર દ્વારા આદેશ કરાયો હતો. જોકે લાંબા સમય સુધી લોકપાલની નિમણૂંકના મુદ્દે વિલંબ થતા યુજીસી દ્વારા આ આદેશનું પાલન ન કરનાર યુનિવર્સિટીઓ સામે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને કડક પગલા લીધા હતાં. છેલ્લાં કેટલાય સમયથી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીમાં એક નીતિવિષયક નિર્ણયોના મુદ્દે વારંવાર વિસંગતતાઓ સર્જાઈ રહી હતી.

યુજીસીએ દરેક યુનિવર્સિટીઓની ફરજિયાત લોકપાલની નિયુક્તિ કરવા આદેશ કર્યો છે. આદેશના ઉલ્લંઘન બદલ આણંદ કૃષિ યુનિવર્સિટીની ડિફોલ્ટ ઝોનમાં મૂકી છે. તે જોતા સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા તાત્કાલિક પૂર્વ ન્યાયાધીશ રાજર્ષિ અધ્વર્યુની લોકપાલ પદે નિમણૂંક કરવામાં આવી છે. યુનિવર્સિટી સંલગ્ન વિદ્યાર્થીઓએ કે અન્ય કોઈને લાગે કે કોઈ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે તો તે અંગે યુનિવર્સિટીના લોકપાલને રજૂઆત કરવાની હોય છે. જેથી વિદ્યાર્થીઓ વિવિધ ફરિયાદો કરી શકે અને તે મુદ્દે કમિટી દ્વારા ન્યાયિક તપાસ કરી વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાય તેવી આશા વિદ્યાર્થીઓમાં સેવાઈ રહી છે.

# ઝારોલા સ્કૂલમાં રામલીલા ભજવીને પ્રેરણારૂપ સમભાવ પ્રસરાવાયો



(પ્રતિનિધિ) આણંદ, તા.11

ખંભાતના નાના કલોદરાની હાઈસ્કૂલના હિન્દુ મુસ્લિમ વિદ્યાર્થીઓએ ભેગા મળીને રામલીલા ભજવી.

અયોધ્યામાં શ્રી રામચંદ્રજી ભગવાનના પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણીનો ઉત્સાહનો માહોલ સર્વત્ર છવાયો હતો. રામમય માહોલમાં બોરસદ તાલુકાના ઝારોલા ગામની શ્રી એચ જે પરીખ હાઈસ્કૂલના મેદાનમાં ખંભાત તાલુકાના નાના કલોદરા ની હાઈસ્કુલના 100 જેટલા બાળ કલાકારો દ્વારા રામલીલા ભજવવામાં આવી હતી. આ રામલીલા દરમિયાન દરેક પાત્રો વિદ્યાર્થીઓએ ખુબ સુંદર અભિનય કર્યો હતો. આચાર્ય નવીનભાઈ પટેલે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ યોજવાનો મુખ્ય હેતુ ભગવાન શ્રીરામના જીવન ચરિત્રનો સંદેશ દરેક વિદ્યાર્થીઓ ,તેમના માતા-પિતા તથા ગ્રામજનો સુધી પહોંચે અને તેમના જીવનમાંથી નગરજનો પ્રેરણા મેળવી પ્રભુ શ્રી રામ જેવું જીવન જીવવા પ્રયત્ન કરે તેવો હેતુ રાખીને સૌ પ્રથમ વખત શાળામાં રામલીલા ભજવેલ છે .દરેક સમાજના નાગરિકો જો આ બાળકોમાંથી પ્રેરણા મેળવી સંપીને રહે તો વિશ્વમાં ક્યાંય યુદ્ધ જેવી નોબત આવે નહીં અને તમામ નાગરિકો સુખેથી પોતાનું જીવન જીવી શકે.

# મહી બીજ ઉત્સવ: મહી નદીને ગાયના દૂધથી થાય છે અભિષેક

**વાસદ-વહેરાખાડી-** ફાજલપુર ખાતે મહી બીજ ઉત્સવમાં જનઆસ્થા અને કુદરતી સંપદાના સંરક્ષણના સંકલ્પનો સુભગ સમન્વય



(પ્રતિનિધિ) આણંદ, તા.11

મહી નદી પ્રત્યે ઋણ સ્વીકારવાનો ઉત્સવ એટલે મહી બીજ ઉત્સવ. ખાસ કરીને ગોપાલક સમાજ મહા સુદ બીજના પવિત્ર દિવસે મહી નદીમાં સ્નાન કરી, પૂજન કરે છે. આ પરંપરા પાછળ આસ્થા સાથે નદીના સંરક્ષણનો ભાવ પણ રહેલો છે.

આણંદ જિલ્લાના મહી અને સાગરના સંગમબિંદુ જેવા વહેરા ખાડી ગામે આ લગ્ન યોજાયા હતા તેવી પ્રખર લોકશ્રદ્ધા પ્રવર્તમાન છે.

મહાસુદ બીજને રબારીઓ તેમજ ગોપાલકો મહી બીજ તરીકે ઉજવે છે, તેના અવસરે આજે આણંદ જિલ્લાના વાસદ મહીસાગર માતાજીના મંદિર, મહીસાગર સંગમ તીર્થ (વહેરાખાડી) તેમજ વડોદરા જિલ્લાના ફાજલપુર ખાતે મહીસાગર માતાજીના મંદિરે રબારીઓ સહિત ગોપાલક જાતિઓના લોકોએ ઘણી મોટી સંખ્યામાં, પરંપરાગત વેશભૂષા, આભૂષણોમાં અને નવા જમાનાની યુવા પેઢીએ આધુનિક પરિવેશમાં લોકમાતા મહીસાગરનો ભક્તિભાવપૂર્વક ખોળો ખૂંદ્યો હતો. મહીસાગર માતાના દુગ્ધાભિષેક, પવિત્ર સ્નાન અને દર્શન માટે ઉત્તર ગુજરાતથી લઈને ચરોતર અને દક્ષિણ ગુજરાતમાંથી રબારી બંધુઓ મહીના કાંઠે ઉમટી પડ્યા હતા. આમ, રબારી સહિત ગોપાલક સમાજનો વિશાળ વર્ગ લોકમાતા મહીને કુળવર્ધીની માતા તરીકે પૂજે છે. ગોપાલક દ્વારા લોકમાતાના કન્યાદાનને યાદ કરીને મહી બીજના દિવસે ગામે ગામથી રબારી સમાજ કુટુંબ કબીલા સાથે મહીસાગર માતાના ખોળે ઉમટી પડે છે. ઘરની ગાયનું દૂધ કેનમાં ભરીને લાવે છે. તેના દ્વારા મહીસાગરના જળનો અભિષેક કરે છે. પવિત્ર સ્નાન કરે છે. પ્રસાદરૂપે ખાલી કેનમાં મહીમાતાનું પાવન જળ ભરે છે. વાસદના નદી કાંઠે આવેલા મહીસાગર માતાના મંદિરે પણ દર્શન-પૂજન કરે છે. યજ્ઞ પણ યોજાય છે અને મંદિરે ઉપવાસીઓને ફળાહાર પણ કરાવવામાં આવે છે. કૃતિની ભક્તિનું અપૂર્વ શ્રદ્ધાભર્યું વાતાવરણ જોવા મળે છે. ઘરે જઈને પ્રસાદરૂપે સાથે લાવવામાં આવેલા મહીજળનો પશુધન અને ઘરસંપદા પર છંટકાવ કરવામાં આવે છે. મહીસાગર માતા સહુનું રક્ષણ કરે તેવી ભાવના તેની પાછળ કામ કરે છે. રબારી સમાજના લોકો બહુધા મહી બીજના દિવસે ઘરની ગાયના દૂધનું વેચાણ કરતાં નથી. સાંજના ઘરના દૂધની ખીર અને સુખડી બનાવે છે. સહુ ભક્તિભાવપૂર્વક સંધ્યાકાળે બીજના ચંદ્રમાના દર્શન કરે છે. તે પછી મહીસાગર માતાને ખીર અને સુખડીનો નૈવેધ ધરાવીને મહાપ્રસાદ ગ્રહણ કરે છે. આમ કૃતિભક્તિ અને લોકમાતાના ગૌરવનો આ ઉત્સવ તેમના ભાતીગળ જીવન સાથે વણાઇ ગયો છે. આધુનિક પ્રવાહોની અસર છતાં હજુ આ સમાજની રહેણીકરણી તેમજ સમાજ જીવન પર પરંપરાનો ભાવ સચવાયો છે. જેની પ્રતીતિ મહી બીજની શ્રદ્ધાસભર ઉજવણીથી થાય છે. મહીસાગર કાંઠે મહા બીજનો આ પાવન અવસર અસંખ્ય શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્રબિંદુ બની રહ્યો હતો.